॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૯

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER : YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર. ૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. સુએ **શ્રુત જ્ઞાનને વિશે** **પ્રતિક્રમણના બીજા પાઠમાં**

૨. લોગસ્સ આસાયણાએ **સમગ્ર લોકની આશાતનાથી** **ચોથા શ્રમણસૂત્રમાં**

૩. પૈશુન્ય **ચાડી–ચુગલી કરવી** **અઢાર પાપસ્થાનક**

૪. પગામસિજ્જાએ **ઘણું સૂતાં રહેવાથી** **પહેલા શ્રમણસૂત્રમાં**

૫. ઉત્તમા **સૌથી ઉત્તમ** **સામાયિકનો પાંચમો પાઠ**

**(૨) નીચેનામાં માગધી શબ્દ લખી કયા પાઠમાં છે? તે લખો. (૫)**

૧. રજોહરણ, ગુચ્છાથી **પાયપુચ્છણેણં** **બારમા વ્રતમાં**

૨. પગરખાની જાત અને મર્યાદા **ઉવાણહ વિહિં** **સાતમા વ્રતમાં**

૩. આજ્ઞા **અબ્ભણુણ્ણાએ** **પ્રતિક્રમણના પહેલા પાઠમાં**

૪. છેલ્લા **ચરમેહિં** **સંથારાના પાઠમાં**

૫. જેટલાં પણ **જાવંતિ** **પાંચમા શ્રમણસૂત્રમાં**

**(૩) નીચેનામાં કયા અતિચાર લાગે તે લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. ટાટાની અણુભટ્ઠીના શેર ખરીદ્યા હોય **ઈંગાલકમ્મે** **સાતમા વ્રતમાં**

૨. ગજાનનની આરતી કરી હોય **પરપાસંડ પસંસા** **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં**

૩. ચાર વિકથા કરી હોય **કુક્કુઈએ** **આઠમા વ્રતમાં**

૪. તોલ કરતી વખતે કાંટો દબાવવો **કૂડતોલે કૂડમાણે** **બીજા વ્રતમાં**

૫. મન હોવા છતાં ઉપયોગશૂન્ય ભણાયું હોય **વચ્ચામેલિયં** **પ્રતિક્રમણના ચોથા પાઠમાં**

(૫૫)

**પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે લખો. (૩૦)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. મધ્યગત અવધિજ્ઞાન **તે સર્વ દિશા તથા વિદિશા તરફ સંખ્યાતા, અસંખ્યાતા યોજન જાણે અને જુએ.**

૨. અનંતર સિદ્ધ કેવળજ્ઞાન **જેમને સિદ્ધ થયાને એક જ સમય થયો હોય તેમનું જ્ઞાન.**

૩. અંગપ્રવિષ્ટ **અંગમાં સમાયેલા શ્રુત.**

૪. ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ **તે નાકથી ગંધના અર્થને ગ્રહણ કરે.**

૫. જ્ઞાની **પદાર્થને જાણવાવાળો જીવ, અસંખ્યાત પ્રદેશી આત્મા.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. શ્રુત નિશ્રિત મતિજ્ઞાનના ભેદ લખો. **અવગ્રહ, ઈહા, અવાય, ધારણા.**

૨. ઋજુમતિ મન:પર્યવજ્ઞાન દ્રવ્યથી શું જાણે, દેખે?

**અનંત પ્રદેશી, અનંત સ્કંધ, મનના પરિણામો સામાન્યથી જાણે, દેખે.**

૩. પ્રત્યય અપેક્ષાએ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન વચ્ચે તફાવત લખો.

**અવધિજ્ઞાન ભવપ્રત્યય કે ક્ષયોપશમથી હોય, જ્યારે મન:પર્યવજ્ઞાન નિયમા ક્ષયોપશમથી જ હોય.**

૪. વૃદ્ધિનો ક્રમ કેવી રીતે છે? **કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ આ રીતે છે.**

૫. અપ્રતિપાતિ અવધિજ્ઞાન શા માટે અલોકમાં દેખતા નથી? **અલોકમાં રૂપી પદાર્થ નથી.**

૬. ભાવથી સાદિ સપર્યવસિત કેવી રીતે લેવાનું? **તીર્થંકરોએ ભાવ પ્રકાશ્યા તે આશ્રી.**

૭. અનાનુગામિક અવધિજ્ઞાન કેટલા યોજન સુધી જાણે છે? **ચારે દિશામાં સંખ્યાતા, અસંખ્યાતા યોજન.**

૮. સંજ્ઞી કાલિકોપદેશ કયા જીવોને હોય છે? **મનવાળા જીવોને.**

૯. કેવળજ્ઞાન કેવું જ્ઞાન છે? બે શબ્દમાં લખો. **નોઈન્દ્રિય પ્રત્યક્ષ, આત્મ પ્રત્યક્ષ**

૧૦. મોક્ષ ફળ દેનારી બુદ્ધિ કઈ છે? **પારિણામિકા**

**(૩) અયોગ્ય વિકલ્પ શોધો. (૫)**

૧. વિજયનો અવધિજ્ઞાનનો આકાર કોના જેવો છે? (જવનાલિકા, **ટોપલી,** કન્યાની કંચુકી)

૨. યક્ષનો અવધિજ્ઞાનનો આકાર કોના જેવો છે? (ત્રાપા, ઢોલ, પટહ)

૩. અમે અનંગપ્રવિષ્ટ છીએ. (આવશ્યક, **અંગ સૂત્ર,** કાલિક સૂત્ર)

૪. મનઃપર્યવ જ્ઞાન કોને થાય છે? (સાધુ, સાધ્વી, **શ્રાવક**)

૫. ધારણાનો કાળ કેટલો છે? (સંખ્યાત વર્ષ, **અનંત વર્ષ,** અસંખ્યાત વર્ષ)

**(૪) નીચેનામાં અવધિજ્ઞાનનો જઘન્ય-ઉત્કૃષ્ટ વિષય લખો. (૩)**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧. સામ | **૨૫ યોજન** | **અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર** |
| ૨. મઘા | **એક ગાઉ** | **દોઢ ગાઉ** |
| ૩. ઉત્સર્પિણીકાળના ચોથા આરાના જીવ | **આંગુલનો અસંખ્યાતમો ભાગ** | **અલોકમાં અસંખ્યાતા ખંડ** |

**(૫) મને ઓળખો. (૭)**

૧. આ ક્ષેત્રના પ્રાણીઓના ચિંતિત અર્થને પ્રગટ કરીએ છીએ. **મનુષ્યક્ષેત્ર, અઢીદ્વીપ**

૨. દ્રવ્યથી જાણપણું વધે ત્યારે અમારી ભજના હોય છે. **કાળ, ક્ષેત્ર**

૩. શ્રુત નિશ્રિત મારા આધારે ઉત્પન્ન થાય છે. **ઈન્દ્રિય, મન**

૪. અમારું ક્ષેત્ર અપેક્ષા સમ્યક્ શ્રુત સાદિ સાંત છે. **ભરત, ઈરવત**

૫. મારા બે નામ છે. **મતિજ્ઞાન, આભિનિબોધિક**

૬. અમે આંશિક પ્રત્યક્ષ છીએ. **અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન**

૭. અમે અંતિમ સમયનું કેવળજ્ઞાન છીએ. **ચરમ સમય સયોગી ભવસ્થ, ચરમ સમય અયોગી ભવસ્થ**

**(આ) ચાર કષાયના આધારે લખો. (૧૦)**

**(૬) ખાલી જગ્યા પૂરો. (૭)**

૧. ઉદયમાં આવીને તે .......... નું ......... થઈ જવું. **કર્મ, નોકર્મ**

૨. ચાર કષાય ........ સૂત્ર પદ ......... નો અધિકાર છે. **પન્નવણા, ૧૪**

૩. બાંધ્યામાં ........... કે ........... બંધ થવો. **નિદ્ધત, નિકાચીત**

૪. અંદરમાં .......... હોય પણ ઉપરથી .......... દેખાતો હોય. **ક્રોધ, શાંત**

૫. ૧૬ ભેદ માનના કુલ ભાંગા ........... થાય. **૪૦૦**

૬. લોભ કષાય .......... સ્થાન પર .......... છે. **ચાર, પ્રતિષ્ઠિત**

૭. છ દળિયા .........., .......... અને ........ અપેક્ષાએ ગણતા. **ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ**

**(૨) વ્યાખ્યા લખો.** **(૩)**

૧. ઉપચણીયા **ગ્રહણ કરેલ કર્મ પુદ્ગલનો નિષેક કરવો, આત્મપ્રદેશ પર વ્યવસ્થિત ગોઠવવા.**

૨. કષાય **જેનાથી સંસાર વધે. જેમાં જીવો વિવિધ દુઃખો દ્વારા કષ્ટ પામે તે.**

૩. ઉપધિ **ખેત્ત, વત્થુ, શરીર સિવાયની બાકીની બધી સાધન-સામગ્રી માટે.**

**(ઇ) ચાર ધ્યાનના આધારે લખો.** **(૧૫)**

**(૧) અર્થ લખો.** **(૫)**

૧. અણિચ્ચાણુપેહા **સંસારની અનિત્યતાનો વિચાર કરવો.**

૨. વિલપન **વારંવાર પૂર્વે કરેલા કર્મોનું ચિંતન કરતાં કલેશયુક્ત વિલાપ કરતાં બોલવું.**

૩. વિવેક **શરીર અને આત્મા ભિન્ન છે તેમ ચિંતવવું.**

૪. વિવાગ વિજએ **જીવ સુખ-દુઃખ શાથી ભોગવે છે તેનો વિચાર ચિંતવવો.**

૫. આમરણાંત દોષ **મરણપથારીએ પણ પશ્ચાતાપ ન કરવો. આખી જિંદગી સુધી દ્વેષ રાખવો.**

**(૨)** ૧) આર્તધ્યાનનો પહેલો પાયો, ૨) રૌદ્રધ્યાનનો બીજો પાયો, ૩) ધર્મધ્યાનનું ત્રીજું આલંબન, ૪) શુક્લ ધ્યાનની પહેલી અનુપ્રેક્ષા લખો. **(૪)**

૧) **મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરવી.**

૨) **જૂઠનું ચિંતન કરવું અને એમાં આનંદ માનવો.**

૩) **પરિયટ્ટણા : શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું.**

૪) **અપાયાનુપ્રેક્ષા : આત્મા દ્વારા કરાયેલ રાગ-દ્વેષરૂપ કર્મોને કારણે આ જીવે અનંતવાર સંસાર પરિભ્રમણ કર્યું એમ વિચારવું.**

**(૩) નીચેનામાં કેટલા અને કયા ધ્યાન હોય?** **(૩)**

એકાંત મિથ્યાત્વી મનુષ્યમાં **૨, આર્તધ્યાન, રૌદ્રધ્યાન.**

અપ્રમત્તમાં **૨, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

સમકિતી કીડીમાં **એકપણ નહિ.**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૩)**

૧) કયા ધ્યાનથી મોક્ષ મળે છે? **શુક્લધ્યાન**

૨) તેરમા ગુણસ્થાનના અંતમાં કઈ અવસ્થા હોય છે? **અચળ**

૩) અશુભ ધ્યાનમાં શેના કારણ નથી બતાવ્યા? **અનુપ્રેક્ષા**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. વ્રતમાં કેવી જમીન પર પરઠવું જોઇએ? **સચેત લીલોતરીવાળી કે જીવજંતુ આદિ રહિત જગ્યા પર પરઠવું.**

૨. કયા વ્રતમાં શરીરની અશુચિ પરઠવાની છે? **સામાયિક વ્રત, દેશાવગાશિક વ્રત, પૌષધવ્રત.**

૩. સર્વ ભાવોને ક્ષણિક કોણ માનતું હતું? એક શબ્દમાં લખો. **અશ્વમિત્ર**

૪. શસ્ત્ર એટલે શું? **જેનાથી પાણી અચેત થઈ શકે છે.**

૫. અચેત કરેલું પાણી કેવી રીતે પીવું નહિ? **ફ્રીજમાં રાખીને ઠંડું કરીને પીવું નહિ.**

૬. સાત નિન્હવ કયા સૂત્રનો અધિકાર છે? **ઠાણાંગ સૂત્ર સ્થાન ૭.**

૭. પચ્ચકખાણની કિંમત કોણે ન કરી? **કંડરિક મુનિ.**

૮. સ્વાદિષ્ટ ભોજનની ઈચ્છા કેવા કર્મ બંધાવશે? **એવા કર્મ બંધાવશે કે જેથી એંઠવાડ પણ ખાવો પડશે.**

૯. બાહ્ય વસ્તુના ત્યાગથી શેનું લક્ષ વધે છે? એક શબ્દમાં લખો. **આંતરશુદ્ધિ.**

૧૦. ભૂલ હોય તો કેવી રીતે કહેવું જોઇએ? **શાંતિથી કહેવું જોઇએ. મન ફાવે તેમ ન કહેવાય.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. માટીને ભેગી કરીને પહેલા શું મેળવવાનું હોય? **રાખ, છાણ**

૨. દેવે સકડાલપુત્ર પર પુત્રનું શું છાંટ્યું? **લોહી, માંસ**

૩. સકડાલપુત્રે શું પ્રાપ્ત કરી લીધું હતું? **સત્તત્ત્વ, સદ્ગુરુ**

૫. સોમા શેની જાણકાર થશે? **જીવ, અજીવ**

૬. બહુપુત્રિકા દેવી ભૂતકાળમાં શું હતી અને ભવિષ્યકાળમાં શું બનશે? **સુભદ્રા, સોમા**

૭. સુભદ્રા સાધ્વી બાળકો પર શું કરવા લાગી? **અનુરાગ, સ્નેહ**

૮. અપ્રતિહત શું છે? **જ્ઞાન, દર્શન**

૯. સકડાલપુત્ર કોના અનુયાયી હતા? તેમનો મત કયો હતો? **ગોશાલક, આજીવિકા**

૧૦. સુવ્રતા સાધ્વીએ સુભદ્રા સાધ્વીને શું કરવાનું કહ્યું? **આલોચના, પ્રાયશ્ચિત્ત**

(૧૦)

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. સંયમ **વિના ના સિદ્ધિ... ના સિદ્ધિ... એ વાત જેણે સાચી સમજી લીધી,**

**રંગીલા રાહને છોડી... હાં છોડી... એણે કાંટાળી કેડી પકડી લીધી,**

**લાખો લાખો ધન્યવાદ છે એવા આતમને, સાધનાથી મેળવશે એ પદ** ................ **પરમાતમને.**

૨. લોભને **કહેજો તું સૌનો સરદાર, મારે પણ સંતોષ તણો સહકાર,**

**તું ઘા કરે તૃષ્ણા તણો, હું સાથ લઉં તૃપ્તિ તણો,**

**પણ લોભી મારે થાવું નથી અને દુર્ગતિમાં હવે જાવું** ................ **નથી.**

૩. સંવત **અઢારને વર્ષ આડત્રીસે, બુસી તે ગામ ચોમાસ રે પ્રાણી,**

**મુનિ આસકરણજી એણી પેરે જંપે, હું તો ઉત્તમ સાધુનો દાસ રે પ્રાણી,**

**સાધુજીને વંદણા નિત નિત** ................ **કીજે.**

૪. મુઝે **એક યહી વરદાન હો, મેરી આત્મા બલવાન હો...ભગવંત તેરી...**

**મુઝે સુખ કી કોઈ પરવાહ નહિ, દુઃખ મેં ભી નીકલે આહ નહિ,**

**બસ એક તેરા ધ્યાન હો, હોઠોં પે તેરા** ................ **નામ હો.**

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
- FOR BOOKS AND EXAM REGISTRATION.